# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




ખેડા શહેર સહિત હૈજરાબાદ, સોખડા, રતનપૂર, વણસર, ખેડા કેમ્પ, વાસણા માં કુતરા કરડવાના બનાવો વધ્યા

# ખેડામાં 22ને શ્વાન કરડતાં ભયનો માહોલ

**શ્વાનને** ખસીકરણ અને રસીકરણની કામગીરી વહેલી તકે અસરકારક બનાવવી જોઈએ તેવી માંગ ઉઠી


તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા, તા.10

ખેડા શહેર અને અન્ય કેટલાક ગામોમાં રખડતા કુતરા આક્રમક બન્યા છે અને નાના બાળકો , વયોવૃધ્ધ સહિત ઘણા બધા પર રખડતાં કુતરાઓ કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી રહેલ છે. છેલ્લા કેટલાક દિવસોથી કુતરાના હુમલા અટકવાનું નામ લેતા નથી. શનિવારે એક જ દિવસમાં ગણતરીના કલાકોમાં જ ખેડા શહેરના અને વિવિધ ગામોના જુદા જુદા વિસ્તારમાંથી 22થી વધુ લોકો પર કુતરાએ હુમલો કરી બચકા ભર્યા ના બનાવ બન્યા છે. કુતરાએ બચકા ભરતા ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ બાદ બાળકો વયોવૃધ્ધ સહિત તમામ લોકોમાં ભયનો માહોલ છે અને રખડતાં કુતરા મામલે કોઈ અસરકારક કામગીરી હાથ ધરવામાં ના આવતા તંત્ર સામે રોષ વ્યક્ત કરવામા આવ્યો છે.

ખેડા જિલ્લામાં ખેડા શહેર અને ખેડા તાલુકાના ગામો ખેડા કેમ્પ, ગોબલજ, માતર તાલુકાના ગામો સોખડા હૈજરાબાદ, રતનપુર, વણસર વગેરે વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી રખડતા કૂતરા નો ત્રાસ વધી રહ્યો છે. રખડતા કુતરાઓ બાળકો સહિત રસ્તામાં આવતા જતા મોટાભાગના લોકો પર પર હુમલો કરી રહ્યાં છે. કુતરા કરડવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. કુતરા દ્વારા થતા હુમલાના બનાવો બાદ ખેડા પાલિકા સહિત જીલ્લા વહીવટી તંત્રએ કુતરાના ખસીકરણ અને રસીકરણ ની કામગીરી વહેલી તકે અસરકારક બનાવવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

શહેરમાં અને ગ્રામ પંચાયત વિસ્તારમાં રખડતાં કુતરા અચાનક જ હુમલો કરીને લોકોને મોઢાના ભાગે, બરડાના ભાગે, પગમાં, હાથ પર બચકા ભરીને લોહી લુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડે છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામા આવે છે.પરંતુ ક્યારેક વધુ પડતી ઈજાઓ થતાં હુમલાનો ભોગ બનેલ વ્યક્તિને ખુબજ પીડાઓ વેઠવાનો વારો આવે છે.

### માત્ર પાંચ કલાકમાં 22 વ્યક્તિ હોસ્પિટલ પહોંચ્યાં

ખેડા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કુતરા કરડવાના બનાવો પગલે ઇજાગ્રસ્ત લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચી ગયા હતા. ખેડા સિવિલ હોસ્પિટલમાં શનિવારે એક જ દિવસમા કુતરા કરડવાના ઘણા બધા બનાવો બન્યા હતા. જેના કારણે બપોરે 2/45 થી લઈને સાંજના 8 વાગ્યા સુધીમાં કુતરા કરડવાના 22 કેશ નોંધાયા હતા. આ તમામને સારવાર આપવામાં આવી હતી. ખેડાના સોમનાથ મહાદેવ વિસ્તારમાં 6 વર્ષના મિહિર પવનભાઈ રામીને કૂતરું કરડતા તેને ખેડા સિવિલમાં પ્રાથમિક સારવાર આપી વધુ ઇજા હોવાથી તેને નડિયાદ સિવિલમાં ટ્રાન્સફર કર્યો હતો.

# બોરસદ કેનાલના ઓપરેટરોને નિયમિત વેતન ન મળતાં રોષ

**ઓપરેટરો** દ્વારા અધિકારીઓને રજૂઆત કરવા છતાં કોઇ સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી

(પ્રતિનિધિ) બોરસદ, તા.10

આણંદ જિલ્લાના બોરસદ પંથકમાંથી પસાર થતી કેનાલમાં કામ કરતાં ઓપરેટરોના પગાર નિયમિત રીતે ચૂકવવામાં આવતાં ન હોવાનું અને કોરા વાઉચર ઉપર સહી કરાવી તેમને રોકડમાં વેતન ચૂકવવામાં આવતું હોવાને લઈને ઓપરેટરોમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. આ મામલે હાલમાં ઓપરેટરો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

બોરસદ પંથકની કેનાલ પર ફરજ બજાવતા ઓપરેટરોને નિયમિત રીતે વેતન ચૂકવવામાં આવતું ન હોવાની ફરિયાદો છેલ્લા લાંબા સમયથી ઉઠી રહી છે. આ બાબતે ઓપરેટરો દ્વારા અધિકારીઓને રજૂઆત કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. બોરસદમાં ફરજ બજાવતા અધિકારી દ્વારા જો કોઈ ઓપરેટર રજૂઆત કરવા જાય તો તેમની સાથે ઉધ્ધતાઇ ભર્યું વર્તન કરવામાં આવે છે. જેને લઈને ઓપરેટરોમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. આ મામલે સ્થાનિક કક્ષાએ રજૂઆત કરીને કંટાળેલા અને થાકેલાં ઓપરેટરોએ હવે મુખ્યમંત્રી સુધી રજૂઆત કરનાર છે. જેમાં ગેટ ઓપરેટરોએ જણાવ્યું છે કે, અમારી પાસે કોરા વાઉચર ઉપર સહી કરાવી લેવામાં આવે છે અને નિયમિત વેતન ચૂકવવામાં આવતું નથી.

હવે જો નિયમિત વેતન ચૂકવવામાં નહીં આવે તો હળતાલની ચિમકી પણ ઓપરેટરો દ્વારા ઉચ્ચારવામાં આવી છે. એજન્સીઓ દ્વારા કોરા વાઉચર ઉપર સહી કરાવીને પૂરેપૂરો પગાર ઓપરેટરોને ચૂકવવામાં આવતો નથી. ઘણાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓના સરકારી બાબુઓ દ્વારા આર્થિક શોષણ કરવામાં આવતુ હોવાને કારણે હવે ઓપરેટરોમાં ભારે રોષ છે. જો કોઈ ઓપરેટર આ બાબતે એજન્સી કે અધિકારીને કોઈ ફરિયાદ કે રજૂઆત કરે તો તેમને ધમકાવવામાં આવી રહ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

# સત્તર ગામ પાટીદાર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



**આસોદર** ખાતે તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

(પ્રતિનિધિ) બોરસદ, તા.10

સત્તર ગામ પાટીદાર સમાજ પ્રમુખ દિલીપભાઈ પટેલ (ભેટાસી)ના અધ્યક્ષ સ્થાને સત્તરગામ પાટીદાર સમાજની 36 મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મંત્રી ભરત પટેલ દ્વારા સમાજના વાર્ષિક હિસાબ રજૂ કર્યા હતા. આ સાથે સત્તર ગામ પાટીદાર સમાજ શિક્ષણ પાંખ દ્વારા સમાજ ના તેજસ્વી તારલાઓ નું ઈનામ અને સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું ,આ પ્રસંગે પાટીદાર સમાજ ને વધુ મજબૂત કરવા અને સમાજ માં શિક્ષણ પ્રત્યે જાગૃતતા લાવવા સત્તર ગામ પાટીદાર સમાજ ના પ્રમુખ દિલીપ પટેલ અને શિક્ષણ પાંખ ના પ્રમુખ હિરેન પટેલે આહવાહન કરવામાં આવ્યું હતું. આ સાથે સત્તરગામ પાટીદાર સમાજના પોતાના નવા કાર્યાલયનું પણ લોકાર્પણ સત્યનારાયની કથા સાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્તરગામ પાટીદાર સમાજ ના હોદેદારો,વડીલો,આગેવાનો અને તમામ ગામો ના પ્રમુખ,મંત્રી અને પાટીદાર સમાજ ના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવની ટપાલ ટિકિટનું વિમોચન કરાયું

# દ્વિશતાબ્દી મહોત્સવ ‘વિરાસત ભી, વિકાસ ભી’ના ધ્યેયને સાકાર કરે છે







**વડતાલમાં** લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિતિ રહ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.10

‘વડતાલના આંગણે મંગળ ઉત્સવ ઉજવાય રહ્યો છે. ત્યારે ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિના જતનનો વારસો વર્તમાન સમયના આધુનિક આયામો સાથે જોડીને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. જે વડાપ્રધાનના ‘વિરાસત ભી, વિકાસ ભી’ના ધ્યેયને સાકાર કરે છે.’ તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડતાલના આંગણે દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન જણાવ્યું હતું.

સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની અને પવિત્ર તીર્થધામ વડતાલ ખાતે ઉજવાઇ રહેલા લક્ષ્મી નારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. આ પાવન અવસરે મુખ્ય મંત્રીના હસ્તે વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવની પાંચ રૂપિયાની ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સૌ હરિભક્તોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ચરોતરની આ પાવન ભૂમિ પર 200 વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણના હસ્તે લક્ષ્મીનારાયણ દેવ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ આટલો ભવ્ય છે, જ્યારે ભગવાન સ્વામિનારાયણે આ ભૂમિ પર લક્ષ્મી નારાયણ મંદિરની સ્થાપના કરી હશે તે સમય કેટલો દિવ્ય હશે ? તેની આપણને અનુભૂતિ થાય છે.

વધુમાં ઉમેર્યું હતું કે, નવું વર્ષ એટલે નવા સંકલ્પોનો અવસર. વિક્રમ સંવત 2081નું નવું વર્ષ સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ હરિભક્તો માટે ઉમંગનો મહોત્સવ લઈને આવ્યું છે. આથી, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો એક નવો સંકલ્પ આ પાવન ભૂમિ પરથી લેવા માટે હરિભક્તોને આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીએ ભગવાન સ્વામિનારાયણ રચિત શિક્ષાપત્રી મુજબ વર્તવા હરિભક્તોને અનુરોધ કર્યો હતો. જ્યારે આપણે જ્યારે વૈશ્વિક સ્પર્ધામાં છીએ, સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કાર બનાવીને સતત વિકાસ યાત્રામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે આર્શીવચન પાઠવ્યાં હતાં. જ્યારે 1008 વલ્લભકુળ ભૂષણ દ્વારકેશલાલજી મહારાજ પણ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમ દરમિયાન સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમ સ્વામીએ વડતાલ મંદિર દ્વારા કરવામાં આવતા સામાજિક સેવા કાર્યોની વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય પંકજ દેસાઈ, સંજયસિંહ મહીડા, કલ્પેશ પરમાર વિગેરે હાજર રહ્યાં હતાં.

### ખાનપુરમાં બસ ચાલકની સમય સુચકતાથી અકસ્માત અટક્યો



વડોદરા ડિવિઝનના વાઘોડિયા ડેપોની એસટી બસ નં.જીજે 18 ઝેડટી 0206ના ચાલકની સમય સુચકતાથી મોટો અકસ્માત અટક્યો હતો. એસટી બસ શુક્રવારે ડીટવાસથી વાયા મુનપુર, દિવડા તેમજ લુણાવાડા થઈને વડોદરા જઈ રહી હતી. દરમિયાનમાં ડીટવાસના માર્ગ પર અચાનક નિલગાય આવી જતાં ડ્રાઈવરે સમયસુચકતા વાપરીને સમયસર બસને રોકી લેતાં અકસ્માત થતો અટક્યો હતો. આ સમયે બસમાં 27 મુસાફર હતાં. ચાલકની સમય સુચકતાથી નીલગાયનો પણ જીવ બચી ગયો હતો. **તસવીર : ગીરીશ પંચાલ.**

આણંદ શહેરના ગોયા તળાવ બાદ લોટેશ્વર તળાવની પણ દૂર્દશા

# આણંદ શહેરના તળાવમાં સ્વચ્છતા જાળવવામાં પાલિકા નિષ્ફળ રહી

**તળાવમાં** ગંદુ પાણી ભળતાં દૂર્ગંધ યુક્ત વાતાવરણથી આસપાસના રહિશો પરેશાન


તસવીરઃ ફ્રાન્સીસ મેકવાન

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ નગરપાલિકા વોટર બોડી અને ખાસ કરીને તળાવોની જાળવણીમાં સદંતર નિષ્ફળ રહી છે. શહેરના તળાવોમાં પુરાણ ઉપરાંત હવે ગંદા પાણી છોડવામાં આવતા જળ પ્રદૂષિત થઇ રહ્યાં છે. ગોયા તળાવ બાદ હવે લોટેશ્વર તળાવમાં આ બદી વધતાં આસપાસના રહિશો માટે સ્થિતિ દૂષ્કર બની રહી છે.

આણંદ શહેરના લોટેશ્વર તળાવમાં છેલ્લા એક સપ્તાહથી તિવ્ર દુર્ગંધ આવી રહી છે. જેના કારણે આસપાસના રહેતા લોકો માટે રહેવું મુશ્કેલ બની ગયું છે. આ તળાવને કરોડોના ખર્ચે બ્યુટિફિકેશન કરવામાં આવ્યું છે. જ્યાં લોકો સવાર - સાંજ ચાલવા આવે છે. પરંતુ તળાવનું પાણી દુષિત થતાં લોકો જવાનું ટાળી રહ્યાં છે. અલબત્ત, આ સ્થિતિ અચાનક કેમ ઉભી થઇ ? તે અંગે પાલિકા પાસે ખાસ કોઈ જવાબ નથી. પરંતુ હાલ દૂર્ગંધ ઓછી થાય તે માટે પાલિકા દ્વારા વિવિધ પગલા ભરવામાં આવી રહ્યાં છે.

### સવા સો ટન ફટકડી નાંખવામાં આવી છે

‘આણંદના લોટેશ્વર તળાવમાં પાણી દૂર્ગંધ મારતું હોવાની ફરિયાદ મળી હતી. આ પાણીમાં લીલ સડવાના કારણે સ્થિતિ સર્જાઇ હોવાનું અનુમાન છે. આથી, તાત્કાલિક ધોરણે 120 ટન જેટલી ફટકડી નાંખવામાં આવી છે.’ - **એસ.કે. ગરવાલ, સીઓ, નગરપાલિકા, આણંદ.**

# ખેડાના વાહન માલિકને પસંદગીનો નંબર મળશે

વાહનનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું જરૂરી

(પ્રતિનિધિ) આણંદ, તા.10

ખેડા આરટીઓ દ્વારા વાહન નંબરની નવી સીરીઝ શરૂ કરવામાં આવી છે. જેમાં પસંદગીના નંબર માટે ઓનલાઈન હરાજી રાખવામાં આવી છે.

નડિયાદ સ્થિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રીઓકશન ટુવ્હીલર GJ-07-ES, ફોરવ્હીલર GJ 7 DH તથા થ્રીવ્હીલર GJ 7 AU અને ટ્રાન્સપોર્ટ GJ 7 TU અન્ય વ્હીકલ (કન્સ્ટ્રકશન ઈક્યુપ્મેન્ટ) GJ 7 CD 16મી નવેમ્બરથી શરૂ કરવામાં આવી રહી છે. આ સિરીઝમાં પસંદગીના નંબર મેળવવા ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું http:parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે. રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો સમયગાળો 16મી નવેમ્બર, બપોરે 4 કલાક થી 18મી નવેમ્બર 3.59.59 કલાક સુધી અને ઓકશન પ્રક્રિયાનો સમયગાળો તા.18 નવેમ્બરથી 20 નવેમ્બર બપોર 4 કલાક મુજબ રહેશે. આથી, વાહનની વેચાણ તારીખ અને વીમા તારીખ તે બેમાંથી જે વહેલુ હોય તે તારીખથી 7 દિવસની અંદર સીએનએફોર્મ ઓનલાઈન કરેલું હોવું ફરજિયાત છે. તે અરજદારો પસંદગીના નંબર માટે 60 દિવસ સુધી ઈ-ઓકશનમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નડિયાદ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# માતરના ખેડૂતે પ્રાકૃતિક ખેતી થકી વાર્ષિક ₹3 .5 લાખથી વધુની આવક મેળવી

**છેલ્લા ત્રણ વર્ષથી** પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત, ધનજીવામૃત તેમજ રોગજીવાતના નિયંત્રણ માટે દશ પૃષ્ટિ અર્ક ,નીમાસ્ત્ર વગેરે ઉપયોગ કરે છે

(પ્રતિનિધિ) ખેડા, તા.10

ખેડા જીલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા માટે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ નાયબ બાગાયત નિયામકની કચેરી, નડિયાદ દ્વારા ખેડૂતોને સતત પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે પ્રાકૃતિક કૃષિ દ્વારા તૈયાર થયેલા શાકભાજી પાકો માટે હેક્ટર દીઠ 20 હજાર રૂપિયા સહાય આપવાની યોજના અમલમાં મૂકેલી છે. જે અંતર્ગત ખેડા જિલ્લાના માતરના પ્રગતિશીલ ખેડૂત કિરીટભાઈ પરસોત્તમભાઈ પટેલના ખેતરની નાયબ બાગાયત નિયામક ડો.સ્મિતા પિલ્લાઇ, બાગાયત અધિકારી એમ. જે. ગોસ્વામી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

ખેડૂત કિરીટભાઈના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે અને ચાલુ વર્ષે તેમણે શાકભાજીમાં દૂધી અને ગલકાનું વાવેતર કર્યું છે. જેમાં જીવામૃત, ધનજીવામૃત તેમજ રોગજીવાતના નિયંત્રણ માટે દશ પૃષ્ટિ અર્ક ,નીમાસ્ત્ર વગેરે ઉપયોગ કર્યો છે. જેમાં ચાલુ વર્ષે બાગાયતી યોજનાનો લાભ આ ખેડૂતને મળશે. વધુમાં તેમના જણાવ્યા મુજબ તેને રૂઢીગત ખેતી કરતા પ્રાકૃતિક બાગાયતી ખેતીમાં વધુ અને સારું ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે છે. જે બદલ ખેડૂતે જિલ્લા વહીવટીતંત્રનો આભાર માન્યો છે.

ચાલુ વર્ષ તેમને અઢી વિઘામાં ગલકાનું વાવેતર કર્યું છે અને તેમાંથી સાડા ત્રણ લાખની આવક થઈ છે.અને હજુ ઉત્પાદન ચાલુ છે તથા તેમણે એક વિઘામાં દૂધીનું વાવેતર કર્યું છે, જેમાં ઉત્પાદન ટૂંક સમયમાં શરૂ થશે. આ પ્રગતિશીલ ખેડૂતમાંથી આસપાસના ખેડૂતોને પણ પ્રેરણા મળી છે અને તેઓ પણ પ્રાકૃતિક બાગાયતી ખેતી તરફ વળી રહ્યા છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225